જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૧/૨૦૧૭ સોમવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૩૦/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭૩ કેસ કરી, ૧૪૧ વ્યક્તિઓને ઝડપી, ૩૩૦ લીટર દેશી દારૂ, ૩૮૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૭ બીયર ટીન, ૦૨ મોટર સાયકલ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૫૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૦૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૩૧/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૨/૧૭</u>**

**રામોલ :** ભરતસિંહ નાહરસિંહ સોલંકી (રહે,ઓમ સોસાયટી ભરત પાર્ટી પ્લોટની બાજુમા રબારી કોલોની વસ્ત્રાલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૮/૧૧/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૧૯/૧૧/૧૭ ના કલાક ૬/૦૦ દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૧,૯૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી** કે.એમ.વાઘેલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૩/૧૭</u>**

**ઇસનપુર :** નિરવભાઈ સ/ઓ હર્ષદભાઈ ગજ્જર (રહે,પુષ્કર સોસાયટી જેઠાભાઈની વાવ પાસે ઇસનપુર ચાર રસ્તા) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૧૭ સવારના ૧૦/૧૫ થી ૧૦/૨૫ વાગ્યા દરમ્યાન ઇસનપુર આવકાર હોલ ચાર રસ્તા ખાતે લક્ષ્મી કોલોની આગળ આવેલ શની મહારાજનાં મંદિર આગળ પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી, કોઇ અજાણી વ્યક્તિ કારમાંથી HP કંપનીનુ લેપટોપ ક્મિત રૂપિયા ૧૮,૦૦૦/-, આઇબોલ કંપનીનુ ટેબ્લેટ ક્મિત રૂપિયા ૫,૦૦૦/- તથા ઓપો કંપનીનો મોબાઈલ કિમત રૂપિયા ૩,૦૦૦/-, એક પેન ડ્રાઈવ તેમજ જરૂરી દસ્તાવેજ મળી કુલ રૂપિયા ૨૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી** આર.આર.ગળચર ચલાવે છે.

**<u>વાહન ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૪/૧૭</u>**

**ખોખરા :** કીરીટભાઇ કાળીદાસ પરમાર (રહે,સિધ્ધેશ્વરી સોસાયટી ઇશ્વરકૃપા ફ્લેટની પાછળ ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૧૧/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાનાં સુમારે ખોખરા સ્નેહ હોસ્પીટલની બાજુમાં આવેલ જૈતુનપાર્કસોસાયટીમાં મકાન નંબર-૨૭ નજીક રોડ ઉપર પોતાની મારૂતી સુઝુકી કંપનીની ઇક્કો ગાડી નંબર જીજે.૨૭.બી.એલ.૭૧૭૭ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૧૭/૧૧/૧૭ કલાક ૪/૧૫ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી** આર.પી.મકવાણા ચલાવે છે.

**<u>કરંટ લાગતાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૫/૧૭</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ સંજય ખેગારભાઇ મકવાણા (ઉ.વ.૦૮)(રહે,રામઝરરૂખાની ચાલી પાવર હાઉસની પાછળ, સાબરમતી નદીના કિનારે, કેશવનગર, સાબરમતી**) ને તા.૧૮/૧૧/૧૭ રાતનાં ૧૧/૩૦ વાગ્યાના સુમારે ઘરની બહાર રમતા-રમતા ટોરેન્ટ પાવરના થાંભલાના વાયરનો કરંટ લાગતા, દાઝી જતાં સારવાર અર્થે તેને સીવીલ હોસ્પીટલમાં દાખલ કર્યો હતો જ્યાં સારવાર દરમ્યાન સંજયનું મૃત્યુ નિપજ્યુ હતુ આ અંગે રીવરફ્રન્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ **પો.સ.ઇ.શ્રી** પી.કે.અસોડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.